શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩

અંક : ૬

## વાર્ષિક મિલન અને સાધારણ સભા

સંસ્થાના કાર્યકરો, લક્ષિત સમૂહના લોકો, સહયોગી સંસ્થાઓ, સરકારશ્રીના વિભાગો તથા અન્ય હિતધારકોએ સંસ્થાના વાર્ષિક મિલનમાં ભાગ લીધો. એકઝીકયુટીવ મેમ્બર્સ શ્રી ભરત વાળાએ સંસ્થાની વર્ષ ૨૦૧૦–૧૧ ની ગતિવિધિઓથી સૌને વાકેફ કર્યા. શ્રી નીલેષભાઈ શાહ (ડીડીએમ, નાબાર્ડ)ની અધ્યક્ષતામાં સંસ્થાની ઉપલબ્ધીઓ/ખામીઓ પર ચર્ચા ચલાવવામાં આવી તેના તારણો તેઓએ આપ્યા હતા.

તે જ દિવસે સંસ્થાની વાર્ષિક સાધારણ સભા પણ મળી જેમાં વર્ષ ૨૦૧૦–૧૧ના હિસાબો, વર્ષ ૨૦૧૧–૧૨ના અંદાજપત્રકો, કાર્યક્રમો વિગેરેને બહાલી આપવામાં આવી હતી.



**સફળતાની ઈમારત નિષ્ફળતાના પાયા ઉપર ચણાયેલી હોય છે.**

## સ્વરોજગાર લક્ષી તાલીમ

ચિત્રાવડ ગામે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી જુનાગઢ અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી દ્વારા એસજીએસવાય યોજના અતંર્ગત બીપીએલ ૦ થી ૧૬નો સ્કોર ધરાવતા કુંટુંબોની ૬૦ મહિલાઓ માટે બે માસના સમયગાળાનો કૌશલ્ય વર્ધક આરીભરત તાલીમ વર્ગ તા. ૨૦/૦૬/૨૦૧૧ના રોજ શરુ કરવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારીશ્રી – તાલાળાએ દિપ પ્રાગટય કરી તાલીમ વર્ગનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે વિસ્તરણ અધિકારીશ્રી, ગ્રામ સેવકશ્રી, તલાટી મંત્રીશ્રી, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના પ્રોગ્રામ ઓફિસર, સુપર વાઈઝર તેમજ ટ્રેનરશ્રીએ તાલીમાર્થીઓને આ તાલીમના ઉદેશો, તાલીમની પધ્ધતિ તથા રોજગાર સંબંધી જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





ભેંસાણ તાલુકાના ચુડા ગામે તા. ૨૧/૦૬/૧૧ થી બે માસના સમયગાળા માટે બ્યુટીપાર્લરની તાલીમ શરૂ કરવામાં આવી, જેમાં ૪૦ મહિલાઓ જોડાઈ હતી. ભેંસાણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી આ તાલીમ વર્ગનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, ચુડા ગામના સરપંચશ્રી, વિસ્તણ અધિકારીશ્રી, ગ્રામ સેવકશ્રી, સંસ્થાના કાર્યકરો / ટ્રેનર વિ. ઉપસ્થિત રહયા હતા.

ઉકત બંને તાલીમોના તાલીમાર્થીઓની શીખવાની જરૂરિયાતને જાણીને તેને રોજગારીમાં ઉપયોગી થઈ શકે તેવી બાબતોનો આ તાલીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. થીયરી / પ્રેકટીકલ માટે જરુરી સામગ્રી દરેક તાલીમાર્થીઓને આપી હતી.

**ભુલ કબુલી લેવી એ ઝાડું વાળવા બરાબર છે જેનાથી ગંદકી સાફ થઈ જાય છેં**

## એક ભૂતપુર્વ કાર્યકરનો પત્ર

પ્રતિશ્રી,

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર–અમરેલી

આજ રોજ જણાવતા હર્ષ થાય છે કે મને આપની સંસ્થા એસ.એસ.કે.કે.માં ફિલ્ડ વર્કર તરીકેનું સ્થાન મળેલુ. આ સંસ્થાના માધ્યમથી હું સુત્રાપાડા તાલુકામાં ટી.એસ.સી.ની કામગીરી ખૂબજ સરસ રીતે નિભાવી શકયો.

સુત્રાપાડા તાલુકામાં કાર્ય બહુ ઓછુ હતુ. સંસ્થામાં જોડાણા બાદ ગામડે જઇ ત્યાંના સરપંચશ્રીઓ, તલાટી કમ મંત્રીશ્રીઓ, આગેવાનો, પ્રાથમીક શાળાના આચાર્યશ્રી શિક્ષકો, બાળકો, આંગણવાડીના બહેનો તથા ગામલોકોનો સતત સંપર્ક કરતો રહયો. લોકોને સંપુર્ણ સ્વચ્છતા અભિયાન વિશેની માહિતી તથા ગુજરાત સરકાર,કેન્દ્ર સરકાશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે વિધવા સહાય, વિકલાંગ સહાય, તબિબિ સહાય, વિવિધ કૃષિલક્ષી યોજનાઓ વગેરેની માહિતી ગામ લોકોના સતત સંપર્કમાં રહીને આપેલ તથા ગામની પ્રાથમિક શાળાઓમાં પાણી અને સ્વચ્છતાં અંગેના તાસ (પિરિયડ) પણ લીધેલ તથા બાળકો પાસે સ્વચ્છતા અને પાણી અંગેના નાટકો–રોલપ્લે તૈયાર કરાવી જાહેરમાં તેનુ પ્રદર્શન કરાવ્યુ તથા ગ્રામસભાઓમાં, આંગણવાડીના બહેનોની મીટીંગોમાં, મમતાદિવસે, ગામના પીએચસીમાં મે સતત હાજરી આપી હતી.

ગામડે ફિલ્ડમાં જવાનું હોવાથી પાસે બાઇક ન હોવાથી મુસાફરીમાં મુશ્કેલી પડતી જેથી આર્થિક દ્રષ્ટિએ પણ મુશ્કેલ પડતુ. પરંતુ તેવી મુશ્કેલીઓની સાથે પણ આયોજન સાધીને કાર્યને સરળ બનાવતો તથા કોઇ ન સમજમાં આવતા પ્રશ્નો હોય તો અમારા સુપરવાઇઝર રાયસીંગભાઇના સંપર્કમાં રહી અમારી મુશ્કેલી દુર કરતા તથા સોશ્યલ મોબીલાઇઝરનો પણ સારો સહકાર મળતો.

સંસ્થા આ વિસ્તારમાં કોઇ પણ નવા કાર્યની શરૂઆત કરી પોતાના કાર્યક્ષેત્રને વધુ વિસ્તૃત બનાવે. જેથી અમારા વિસ્તારનો પણ વિકાસ વેગવંતો બને અને પ્રગતિના પંથ તરફ પ્રયાણ કરી શકે. સંસ્થા તરફથી અમોને મળતુ માસિક મુખપત્ર ''ટપક'' મળતુ રહે અને અમારા અનુભવોમાં સતત વૃધ્ધિ કરતુ રહે.

સંસ્થામાં એટલો સમય કાર્ય કરવા મળ્યુ, સંસ્થાના કાર્યથી સંસ્થાના દરેક કર્મચારી તરફથી મને ઘણુ જ નવુ શીખવા મળ્યુ છે. કયારેય પણ મારા લાયક કાર્ય હોય તો આપ મને પોતાનો ગણીને કોઇ પણ સંજોગોમાં જણાવી શકો છો. અંતે તો બસ આટલું જ ...

**''કોઇ એક મારગમાં હું અથડાયો તો ભૂલી શકીશ,**
**રાહ દઇ રાહબર બન્યા છો નહિ ભુલુ.''**

*લી. કાનજીભાઇ બી.ભોળા*
*ગામ : લોઢવા,તા.સુત્રાપાડા*
*જી.જુનાગઢ મો.૯૨૨૮૬૦૩૪૬૮*

***તારાઓ આકાશની કવિતા છે તો માતા પૃથ્વીની કવિતા છે.***

## Greatest Of All Love Is Love For Humanity


“Just as the cult of patriotism teaches us today that the individual has to die for the family, the family has to die for the village, the village for the district, the district for the province, and the province for the country, even so country has to be free in order that it may die, if necessary, for the benefit of the world.

My love, therefore, of nationalism or my idea of nationalism is that my country may become free, that if need be the whole of the country may die, so that the human race may live.

For me patriotism is the same as humanity. I am patriotic because I am human and humane.Imperialism has no place in my scheme of life.

The law of a patriot is not different from that of the patriarch.

And a patriot is so much the less patriot if he is a Luke-warm humanitarian. There is no conflict between private and political law.”



***- Mahatma Gandhi***

(courtesy www.mkgandhi.org)

## પ્રેરક પ્રસંગ

એક ભકતે તેના ગુરૂને કહયું સંસારના તમામ સુખ–દુ:ખથી અલીપ્ત રહી શકાય તેવી સાધના મારે કરવી છે. આવી માગણી કરનાર ભકતની સામે જોઈને ગુરૂજીએ કહયું ભાઈ આવી સાધના કરવા જેટલો વખત હવે તારી પાસે નથી. આજથી બરાબર દસમા દિવસે તારૂ મૃત્યુ થવાનુ છુ. સાંભળનારના હોશ કોશ ઉડી ગયા ખાવુ–પીવુ કમાવુ ભોગવવુ કશામાં મન લાગે નહી સતત મોત ઝળુંબતું દેખાય આખો સંસાર એન તમામ સંસારીક પ્રવૃતિઓમાંથી મન ઉડી ગયું મરવાનું જ છે તો પછી ખોટું કરીને કે સબંધો બગાડીને શા માટે જવું તેવા વલણને કારણે તેના વર્તનમાં પ્રમાણીકતા અને વાણીમાં મીઠાશ આવી બધા જોડે હેત–પ્રીતથી વર્તવા લાગ્યો વ્યવહારમાં ક્ષમતા આવી દસ દિવસ પુરા થયા, મુત્યુ આવ્યું નહી તેથી ખુશી છલકાતો એ ગુરૂ પાસે આવ્યો આપની ભવિષ્ય વાણી ખોટી પડી હવે મને સાધનાનો માર્ગ બતાવો એ નાથે કહયું આજ સાધના છે . સંસારમાં જે કઈ છે તે બધુજ અનિત્ય છે. ગમે તે ઘડી એ વ્યકિતનો, સંપતિનો સબંધોનો નાશ થઈ જાય છે. મોત સાથે જ છે તેમ સમજીને કામ કરીએ તે સુખ– દુ:ખથી અલિપ્ત થઈ શકાય.

***સંકલન– પ્રેમલ જોષી***

**આળસ જીવતા માણસ ને દફનાવી દે છે.**

## વ્યસ્ત મા–બાપના નિર્દોશ બાળકની આત્મકથા

એક દિવસ એક પ્રાથમિક શાળાના શિક્ષિકાએ પોતાના વિધાર્થીઓને કહયું કે ચાલો બાળકો આજે તમે એક નિબંધ લખીને મને આપો. નિબંધનો વિષય છે –" જો ભગવાન તમને કાંઈ માગવાનું કહે તો ઈશ્વરની પાસે તમે શું માંગશો ? બાળકોએ તો ઉત્સાહમાં આવી નિબંધ લખી આપ્યો. ત્યાર બાદ શિક્ષિકાએ તે નિબંધો ઘેર તપાસવા લઈ ગયા. સાંજે જયારે તે નિબંધ તપાસી રહયા હતા. ત્યાં તેમના પતિ રૂમમાં આવ્યા ને જોયું તો તે શિક્ષિકા રડી રહયા હતા.

તેમણે પૂછયું "કેમ શું થયુ? કેમ રડો છો?"

શિક્ષિકાએ કહયું "હું મારા વિધાર્થીઓના નિબંધો તપાસુ છું" તેમના પતિને એક કાગળ આપતા તે બોલ્યાં "જુઓ, તમે પણ આ નિબંધ વાંચી જુઓ" તેમના પતિ એ નિબંધ વાંચ્યો. તેમાં તે બાળકે લખ્યું હતું "હે ઈશ્વર જો તારે મને કાંઈ આપવું જ હોય તો તું મને ટેલીવીઝન (ટી.વી.) બનાવી દે. હું તેનું સ્થાન ગ્રહણ કરવા માંગું છું. હું ટી. વી. ની જેમ ઘરમાં રહેવા માંગું છું...

જેને માટે ઘરમાં ખાસ જગ્યા હોય. મારી આસપાસ મારા કુટુંબના તમામ સભ્યો હોય. અને સાચ્ચે જ હું ગંભીર રીતે આ કહું છું જેથી મારા કુટુંબનાં તમામ સભ્યોનું હું મારા તરફ જ ધ્યાન ખેંચી શકું. તેઓ કોઈ પણ વગરની ખલેલ પાડયા વગર મને એકચિતે સાંભળે અને કોઈ સવાલો ન પૂછે. જયારે ટી.વી. બંધ હોય ત્યારે પણ લોકો જેમ તેની ખાસ સંભાળ રાખે છે તેમ મારી પણ સંભાળ રાખે. જયારે પપ્પા કામ પરથી ઘેર આવે ત્યારે સખત થાકેલા હોવા છતાં હું ટી.વી. બની ગયો હોવાથી મને તેમની કંપની મળી રહે અને હું મારી મમ્મી જયારે દુ:ખી હોય કે ટેન્શનમાં હોય ત્યારે મને અવગણવાને બદલે મને જોવા ઝંખે. અને મારી સાથે રહેવા માટે મારા ભાઈબહેનો લડાલડી કરે હું તેવું અનુભવવા માંગું છું કે બધી જ વસ્તુંઓ એક બાજુએ મુકીને કુંટુંબના સભ્યો મારા માટે સમય ફાળવે.

અને છેલ્લે મને ટી.વી. બનાવી દો જેથી હું મારા કુટુંબને સુખ, આનંદ આપી શકું અને તેમનું મનોરંજન કરી શકું." હે ભગવાન હું બીજું કાંઈ નથી માંગતો પણ ઈચ્છું છું કે તમે મને ટી.વી. બનાવી દો.


શિક્ષિકાની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહયાં હતા. તેમના પતિ બોલ્યા, " હે ભગવાન!!! બિચારુ બાળક!!! કેવા ભયાનક માતા–પિતા છે!!!" શિક્ષિકા ચોધારા આંસુ સારતાં પોતાના પતિની સામે જોયું અને દયામણા અવાજે બોલ્યા, "આ નિબંધ આપણા દિકરાએ લખેલો છે."...

**સંકલન – કોમલ જોષી**

**આજે ભલું કરીએ તો કાલે સુખ બનીને પાછું મળશે.**

## હવામાન આધારિત વીમો

ખેતિ આધારિત જોખમો માટે ગ્રામ્ય કક્ષાનુ જાગૃતિ અભિયાન તા. ૧૦ જુન થી ૧૬ જુન દરમ્યાન જાફરાબાદ તાલુકામાં તથા ૧૭ જુન થી ૨૩ જુન સુધી સુત્રાપાડા તાલુકામાં ચલાવવામાં આવ્યુ હતુ. આ અભિયાન દરમ્યાન ખેડૂતોને વ્યકિતગત સંપર્ક, ડોર ટુ ડોર પત્રિકા વહેચી, જાહેર રસ્તામાં પોસ્ટર લગાવ્યા, મીટીંગ, જુથ ચર્ચા, ફીલ્મ/વીડીયો શો તથા તમામ ગામોના ચોકમાં, ચોરે, ખેતરે જઈને મીટીગો વિગેરે માધ્યમોનો ઉપયોગ કરી કુલ ૨૫૦૦ જેટલા ખેડુતો સાથે સંપર્ક બનાવામાં આવ્યો હતો.



ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષથી ખાંભા તાલુકામાં ચાલી રહેલા આ કાર્ય આ વર્ષે આગળ ધપાવવામાં આવ્યુ હતુ. મોટા ભાગના ખેડૂતોએ અગાઉના વર્ષમાં આ વીમા પોલીસી લીધી હતી તેઓનો તથા અન્ય નવા ખેડૂતોનો પણ સંપર્ક કર્યો હતો તેમા મિશ્ર પ્રતિભાવ મળ્યો હતો. કારણ કે અગાઉના સારા ચોમાસાના કારણે ખાસ વળતર મળી શકયુ ન હતુ. પણ આ રીતે ખાંભા તાલુકાના ૧૪ ગામો સુત્રાપાડાના ૧૪ ગામોમાં અને જાફરાબાદ તાલુકાના ૧૫ ગામો આવરી લેવામાં આવ્યા હતા. ખેતીના જોખમો અને આ વીમા વિશે ખેડુતોમા જાગૃતિ આવે તે આ અભિયાનનો મુખ્ય હેતુ હતો. આ વીમો વરસાદ આધારીત વીમો છે. આ વીમો ખેડુતોને તેના વિસ્તારમાં ઓછો, અનિયમિત અને વધુ વરસાદ થાય તો વળતર મળે છે.



વર્ષા વીમો શું છે, વર્ષા વીમો કોણ લઈ શકે, વીમાથી થતા લાભો વિગેરે મુદા પર સંસ્થાના કાર્યકર્તાઓએ ખેડુતોને માર્ગદર્શન આપ્યું. ખાભાં, જાફરાબાદ, સુત્રાપાડામાં કુલ ૧૦૧ ખેડુતોએ વર્ષા વીમા અભિયાનમાં સહભાગી થઈ વરસાદના જોખમો સામે રક્ષણ મેળવવા પોલીસી લીધી.

*ફુલો પૃથ્વી પર ફોરમ ફેલાવતા અને હૈયાને અજવાળતા તારાઓ છે.*

## એલઆઈસી મીટીંગ

તા. ૦૯/૦૬/૨૦૧૧ના રોજ અમરેલી કસબાવાડ ગરીબ રહેણાક વિસ્તામાં લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ભાવનગર ડિવિઝન દ્વારા મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં ૭૦ જેટલા ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો.



આ મીટીંગમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યકર્તાશ્રી વિજયાબેન કુકવાવ તથા શ્રી ભાનુબેન ત્રિવેદીએ જીવન મધુર અને જીવન મંગલ બચત વીમા યોજનામાં મળતુ વળતર, પોલીસી હેઠળના લાભો, વીમારાશી, પોલીસીની મુદત અને પ્રીમિયમ વિશે લોકોને માહિતગાર કર્યા, તેમજ અગાઉ પોલીસી મેળ વેલ ગ્રાહકો એ વચ્ચે પ્રીમિયમ બંધ કરેલ તેને પ્રીમિયમ ચાલુ કરવા માટે સમજાવવામાં આવ્યું.

## અસર મીટીંગ

તા. ૨૫/૦૬/૨૦૧૧ના રોજ અસર અમદાવાદ દ્વારા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યાલય પર અસરના વાર્ષિક અહેવાલ (એન્યુલ સ્ટેટસ ઓફ એજયુકેશન રિપોર્ટ ) વિશે સંસ્થાના કાર્યકર્તા અને વોલીંટીયર્સ સાથે મીટીંગ રાખવામાં આવી.





સંસ્થા દ્વારા ૨૦૦૫ ની સાલથી અમરેલી જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તાર (૩૦ ગામોમાં) વોલીંટીયર્સ દ્વારા અસર સર્વે કરવામાં આવે છે. આ મીટીંગમાં દર વર્ષે જે વોલીંટીયર્સે સર્વે કરેલ છે તેમજ ગયા વર્ષે સર્વે કરેલ તેનુ પરિણામ શું છે, બાળકોની વાંચન સ્તરની ટકાવારી, ગણન સ્તરની ટકાવારી, શાળામાં નોધાયેલાં અને શાળાનાં બહારના બાળકોની ટકાવારી તેમજ ખાનગી શાળામાં જતા હોય તેવા બાળકોની ટકાવારી વિગેરે બાબત શ્રી ચિરાગભાઈ વ્યાસ દ્વારા પાવર પોઈંટ પ્રેજન્ટેશન દ્વારા સમજવામાં આવ્યા.

**સફળતા આપણા હાથમાં નથી પરતું મહેનત આપણા હાથમાં છે.**

**Well wisher of this month**

840 Niramal Sasilatha

**Angage on this month**

01 Attend IT conference at Abd
05 Orgnise team meeting at Amr
08 Attend seminar on micro insurence at LIC Bhavnagr
09 LIC meeting with perents of Anganvadi chaild at Amreli
10-23 Campaign on wether base insurence(Jafrabad & Sutrapada)
13 Attend MSA meeting at Bvr
18-19 Tra. of paper recycle at Amr
20 Start training Aribhart at Chitravad
21 Start training Beauty parler at Chuda
25 Presentation of Aser 11 at Amr
26 Annual meet & AGM at Amr
29-30 A Hend Human right workshop

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.

આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**–ટપક ટીમ**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સાચો વીર એ છે જે અન્યાય સામે માથુ ઉચકે છે.**